હવે કેસર કેરીના ભાવ ઘટશે

કેસર કેરીની આવક વધતાં ભાવ ઘટે એવી શક્યતા : કેસર કેરી હજુ મોટાભાગના લોકોના ઘરે નથી પહોંચી : તાલાલા માર્કેટિંગ યાર્ડના છેલ્લા ૨૦ વર્ષના ઈતિહાસમાં આ વર્ષે કેસર કેરીના ભાવ સૌથી વધારે નોંધાયા

જૂનાગઢ, તા.૬

મીઠી સુગંધથી મઘમઘતી અને જોતા જ મોંમા પાણી આવી

જાય તેવી કેસર કેરી હજી પણ મોટાભાગના લોકોના ઘર સુધી પહોંચી નથી. દર વર્ષે ઉનાળામાં માર્ચ-એપ્રિલ મહિનામાં માર્કેટમાં કેરી આવવાની શરૂ થઈ જાય છે. ખાસ કરીને કેસર કેરીની સીઝન દરમિયનાન વધારે માગ રહે છે. અત્યારે ધીમે-ધીમે કેસર કેરી માર્કેટમાં આવી રહી છે પરંતુ તેના ભાવ પણ ઝટકો આપે તેવા છે. એક કિલો કેરી ૧૫૦ રૂપિયાના ભાવે મળી રહી છે. આ સિવાય કેટલીક જગ્યાએ એક બોક્સ (૧૦ કિલો) કેરીનો ભાવ ૧૫૦૦થી ૧૭૦૦ રૂપિયા છે. જો કે, આગામી સમયમાં કેસર કેરીના ભાવમાં થોડો ઘટાડો થશે તેવી શક્યતા છે. તાલાલા માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીની હરાજી શરૂ કરવામાં આવી તેને ૧૦ દિવસ થઈ ગયા છે. ગત વર્ષ કરતાં બમણા ભાવથી શરૂ થયેલી કેસર કેરીનો ભાવ હજી પણ એટલો જ છે. ભાવમાં સહેજ પણ ઘટાડો થયો નથી. પરંતુ આગામી એક અઠવાડિયા બાદ તેમાં થોડો એવો ઘટાડો થવાની શક્યતા છે. તાલાલા યાર્ડમાં ૧૦ કિલો કેસર કેરી ૭૫૦ રૂપિયાના ભાવે વેચાઈ રહી છે.

તાલાલા માર્કેટિંગ યાર્ડના છેલ્લા ૨૦ વર્ષના ઈતિહાસમાં આ વર્ષે કેસર કેરના ભાવ સૌથી વધારે નોંધાયા છે. સામાન્ય રીતે કેસર કેરીના ૧ ક્વિન્ટલનો ભાવ ૮૨૫થી ૩,૫૫૦ રૂપિયા રહ્યો છે, પરંતુ આ વર્ષે તે ભાવ ૭,૫૦૦ રૂપિયા છે. ૨૦૦૦-૦૧ના વર્ષમાં સરેરાશ ૮૨ રૂપિયા પ્રતિકિલોના ભાવે કેસર કેરીનું બોક્સ વેચાતું હતું, આજે તેનો ભાવ ૭૫૦ રૂપિયાએ પહોંચ્યો છે.

૨૦૨૨માં મે મહિના દરમિયાન એક ક્વિન્ટલ કેરીનો ભાવ ૩,૫૫૦ રૂપિયા હતા અને બોક્સનો ભાવ ૪૦૦ રૂપિયાની આસપાસ હતો. પરંતુ હાલના સમયમાં એક ક્વિન્ટલ કેરીનો ભાવ ૭૫૦૦ અને બોક્સનો સરેરાશ ભાવ ૭૫૦ રૂપિયા રહ્યો છે. તાલાલા યાર્ડમાં છેલ્લા ૧૦ દિવસમાં ૨૦,૩૨૬ બોક્સની આવક નોંધાઈ હતી.

તાલાલા યાર્ડના ચેરમેન સંજય શિંગાળાએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આ વર્ષે કેસર કેરીમાં રોગ આવી ગયો છે. ઠંડા હવામાનના કારણે પાકને નુકસાન થયું છે. લંગડો અને હાફૂસ કેરી સારી આવે છે પરંતુ કેસર કેરી બજારમાં મોંઘી છે. પરંતુ દિવસ જતાં તે પણ થોડી સસ્તી થશે.

જણાવી દઈએ કે, જૂનાગઢ, ગીર-સોમનાથ અને અમરેલી ગુજરાતના એવા ત્રણ જિલ્લા છે જ્યાં કેસર કેરીનું સૌથી વધારે ઉત્પાદન થાય છે. જો કે, ગયા વર્ષે ગુજરાતના દરિયાકાંઠે ત્રાટકેલા વાવાઝોડા તાઉતેએ ત્રણેય જિલ્લાઓમાં રહેલા કેરીના અનેક બગીચાઓને નુકસાન પહોંચાડ્યું હતું. આ સિવાય અવાનવાર કમોસમી વરસાદ અને ત્યારબાદની કાળઝાળ ગરમીએ તેમા ઉમેરો કર્યો હતો.

રાજ્યમાં ૧૧થી ૧૭મે દરમિયાન ભારે પવન ફૂંકાવાની આગાહી

હાલ રાજ્યમાં આંધી-વંટોળ સાથે પવનના યોગ ચાલી રહ્યાં છે, જેના કારણે ભારે પવન ફૂંકાવવાની શક્યતા

અમદાવાદ, તા.૬

રાજ્યમાં પડી રહેલી કાળઝાળ ગરમીથી લોકો ત્રસ્ત થઈ ચૂક્યા છે. ત્યારે ૪૨.૫ ડિગ્રી સાથે સુરેન્દ્રનગર રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. આ સિવાય અમદાવાદનું તાપમાન સામાન્ય ઘટીને ૪૧.૬ ડિગ્રી નોંધાયું હતું. ઉપરાંત રાજ્યના અન્ય વિસ્તારોમાં ગરમી યથાવત જોવા મળી હતી. ત્યારે જ્યોતિષશાસ્ત્ર મુજબ, રાજ્યમાં મે મહિના દરમિયાન હવામાનમાં ઘણીવાર પલટાનાયોગ જણાઈ રહ્યા છે. ૧૧થી ૧૭ મે દરમિયાન રાજ્યમાંઆંધીનું પ્રમાણ વધુ રહેવાની શક્યતા છે.

જ્યાતિષના જણાવ્યા મુજબ, હાલ રાજ્યમાં આંધી-વંટોળ સાથે પવનના યોગ ચાલી રહ્યાં છે. જેના કારણે ધૂળની ડમરીઓ સાથે ભારે પવન ફૂંકાવવાની શક્યતાઓ છે. વળી આ વર્ષે તૃટિકા નક્ષત્ર હોવાના કારણે આંધીઓનું પ્રમાણ વધારે રહેશે. જ્યારે ૧૧થી ૧૭ મે દરમિયાન આંધીનું પ્રમાણ વધારે રહેશે. જેની અસર બાગાયતી પાકો પર થવાની શક્યતાઓ વધારે છે. જેથી બાગાયતી પાકોને નુકસાન થવાની પણ ભીતી છે. આ સિવાય રાજ્યના કેટલાંક વિસ્તારોમાં વરસાદની પણ સંભાવના સેવાઈ રહી છે.

જેમાં ઉત્તર, મધ્ય, સૌરાષ્ટ્ર અને દરિયાઈ ભાગોમાં વરસાદની સંભાવના છે. જ્યારે કેટલાંક વિસ્તારોમાં ગાજવીજ સાથે ભારે વરસાદ પડી શકે છે.

આ વરસાદને પ્રિ મોનસૂન એક્ટિવિટી ગણી શકાય. તો ૧૮ મેથી ૫ જૂન સુધી હવામાનમાં પલટાના યોગ અને ચક્રવાતની શક્યતા છે. જો કે, ચક્રવાત હળવા રહેશે. તો જૂનમાં રોહિણી નક્ષત્રમાં વરસાદની શક્યતા છે. જ્યારે કેટલાંક વિસ્તારોમાં વધુ વરસાદ થશે. આ સિવાય ૧૫ જૂન આસપાસ રાજ્યના ઘણા ભાગોમાં વરસાદની શક્યતા છે. આ અનુમાન મુજબ, હવે રાજ્યના કેટલાંક વિસ્તારોમાં ધૂળની ડમરીઓ સાથે ભારે પવન ફૂંકાવવાની શક્યતાઓ છે. જ્યારે કેટલાંક વિસ્તારોમાં વરસાદની પણ શક્યતાઓ રહેલી છે.

રાજ્યમાં નોંધાયેલા તાપમાનની વાત કરવામાં આવે તો, અમદાવાદમાં ૪૧.૮, ડીસામાં ૩૯, ગાંધીનગરમાં ૪૦.૮, વડોદરામાં ૪૦.૨, સુરતમાં ૩૫.૯, ભૂજમા ૪૦.૪, નલિયામાં ૩૫.૮, કંડલા એરપોર્ટમાં ૩૯.૫, અમરેલી ૪૦.૬, રાજકોટમાં ૪૧.૩, સુરેન્દ્રનગરમાં ૪૨.૫ અને કેશોદમાં ૩૭.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

બેંક ઓફ બરોડાની બેદરકારીથી ખાતેદાર સાથે થયું રૂ. ૨૯ લાખનું ફ્રોડ

વડોદરા, તા.૬

દેશમાં અને રાજ્યમાં સાયબર ફ્રોડ ના ગુનાઓ સતત વધી રહ્યા છે. ત્યારે આરબીઆઈ અને બેંકો દ્વારા અવારનવાર ગ્રાહકોને સાયબર ફ્રોડથી બચવા માટે શું કરવું જોઈએ તેની માહિતી અપાતી રહે છે. પરંતુ, વડોદરામાં બેંકની બેદરકારીને લીધે ગ્રાહક લાખો રૂપિયાના સાયબર ફ્રોડનો ભોગ બન્યો છે. વડોદરામાં આવેલી બેંક ઓફ બરોડાની અકોટા બ્રાન્ચની ગંભીર બેદરકારી સામે આવી છે. ગ્રાહકે પોતાનો મોબાઈલ હેક થઈ ગયો હોવાની બેંકને જાણ કરી હોવા છતાં તેના ખાતામાંથી ઠગ ટોળકી ૨૯ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી લેવામાં સફળ રહી હોવાની ફરિયાદ નોંધાઈ છે. ખાતેદારે તેની સાથે થયેલા સાયબર ફ્રોડમાં બેંક અને ટેલિફોન કંપનીના કોઈ કર્મચારી સંડોવાયેલા હોવાની આશંકા વ્યક્ત કરી છે. સાયબર સેલે આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.સાયબર ફ્રોડનો ભોગ બનેલા ખાતેદારે સાયબર સેલમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, બેંક ઓફ બરોડાની આકોટા બ્રાન્ચમાં તેમનું, તેમની પત્ની અને તેમની દીકરીના અકાઉન્ટ છે. જેમાં તેમણે પોતાનો બીએસએનએલનો મોબાઈલ નંબર રજિસ્ટર કરાવ્યો છે. ગત ૧૯મી એપ્રિલે રાત્રે ૨.૧૬ કલાકે તેમના મોબાઈલ પર નેટ બેંકિંગ ચાલુ થયાનો ઓટીપી આવ્યો હતો. પરંતુ તેમણે મેસેજ ઓપન કર્યો ન હતો. બીજા દિવસે એટલે કે ૨૦ એપ્રિલે તેમણે બેંકમાં જઈને આ અંગે જાણ કરી હતી. તે સમયે મેનેજર હાજર ન હતા. જેથી તેમણે એક પત્ર લખી બેંકમાં આપ્યો હતો. પરંતુ બેંકે આ પત્ર સ્વીકાર્યો ન હતો. જેથી તેમણે રજિસ્ટર એડીથી પત્ર મોકલ્યો હતો.

આ પત્રમાં તેમણે પોતાના બેંક અકાઉન્ટમાં ચેડા થવાની આશંકા વ્યક્ત કરી હતી અને જો કંઈ થશે તો બેંક જવાબદાર રહેશે તેમ જણાવ્યું હતું.ખાતેદારે ફરિયાદમાં કહ્યું છે કે, વારંવાર રજૂઆત કરવા છતાં બેંકે કોઈ પગલાં લીધા ન હતા.

ગત ૨૩મી એપ્રિલે રાત્રે તેઓ મહારાષ્ટ્રથી પાછા આવી રહ્યા હતા ત્યારે તેમનો ફોન બંધ થઈ ગયો હતો. બીજા દિવસે રવિવાર હતો અને તેમણે અકાઉન્ટ ચેક કરતા જોવા મળ્યું હતું કે તેમના પત્નીના ખાતામાંથી રૂ. ૧૧.૪૩ લાખ, દીકરીના અકાઉન્ટમાંથી રૂ. ૭.૭૮ લાખ અને તેમના ખાતામાંથી રૂ. ૭.૦૭ લાખ મળી કુલ રૂ. ૨૬.૨૮ લાખ ટ્રાન્ફર થઈ ગયા હતા.

આ ઉપરાંત એચડીએફસી બેંકના અકાઉન્ટમાંથી પણ તેમના બેંક ઓફ બરોડાના અકાઉન્ટમાં રૂ. ૨.૯૯ લાખ ટ્રાન્સફર થયા હતા અને તેમાંથી ઠગ ટોળકીએ રૂ. ૨ લાખ ઉપાડી લીધા હતા.ખાતેદારે પોલીસને કહ્યું કે, તેમની નજર સામે જ એક પછી એક ટ્રાન્જેક્શન થતા રહ્યા હતા. તેમણે કહ્યું કે, જો બેંક મેનેજર અને સ્ટાફે કાળજી લીધી હોત તો તેમના અકાઉન્ટમાંથી એક કંઈ ગયું ન હોત.

રાજ્યમાં ૧૦ વર્ષમાં ૭૩ લાખ મોતીયાના ઓપરેશન કરાયા

કેવડીયા, તા.૬

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે સ્ટેચ્યુ ઓફ યુનિટી-કેવડીયા કોલોની ખાતે સેન્ટ્રલ કાઉન્સીલ ઓફ હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેરની ૧૪ મી બેઠક અંતર્ગત ત્રિદિવસીય સ્વાસ્થ્ય ચિંતન શિબિરના બીજા દિવસે બેસ્ટ પ્રેક્ટીસ સેશનમાં જણાવ્યું કે, મોતીયા અંધત્વ મુક્ત ગુજરાત મુહિમના પરિણામે દ્રષ્ટિ ખામીને મહદ્‌અંશે દૂર કરવાનો સેવાયજ્ઞ આદરવામાં આવ્યો છે.

ગુજરાતમાં ૧૦ વર્ષમાં ૭૩ લાખ જેટલા મોતીયાના ઓપરેશન કરવામાં આવ્યા છે તેમજ કોરોનાની વિષમ પરિસ્થિતીઓ વચ્ચે પણ ૧૦ લાખ જેટલા મોતીયાના ઓપરેશન સફળતાપૂર્વક કરીને ગુજરાતે અંધત્વમુક્ત ગુજરાત માટેની પ્રતિબધ્ધતા દર્શાવી છે તેમ આરોગ્યમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ સેશનમાં રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિ ખામી નિયંત્રણ કાર્યક્રમ હેઠળની મોતીયા અંધત્વ મુક્ત ગુજરાત ઝુંબેશની કામગીરીનો ચિતાર કોન્ફરન્સમાં રજૂ કર્યો હતો. આ પ્રસંગે રાજ્ય સરકાર દ્વારા ઉક્ત અભિયાન સંદર્ભે બનાવવામાં આવેલી ફિલ્મ કોન્ફરન્સ હૉલમાં રજૂ કરવામા આવી હતી જે લોકો માટે માહિતીનું કેન્દ્ર બની રહી હતી. મંત્રીએ જણાવ્યું કે, આ કાર્યક્રમ હેઠળ તમામ પ્રવૃતિઓમાં લક્ષ્યાંક સિધ્ધ કરીને ગુજરાત રાજ્ય દેશના સર્વોચ્ચ ત્રણ રાજ્યોમાં પોતાનું સ્થાન છેલ્લા દાયકામાં નિયત કર્યું છે.

રાજ્ય દ્વારા દ્રષ્ટિ સારવાર માટે અત્યાધુનિક તકનિકી ઉપકરણો સાથેના ઓપરેશન થિયેટર, ઓ.પી.ડી. વિભાગ જેવા ખાસ માળખાકીય સુવિધાઓ તેમજ નિષ્ણાંત તબીબોનું માર્ગદર્શન ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. મંત્રીએ વિશેષમાં ઉમેર્યું કે, વર્ષ ૨૦૧૪ થી અત્યંત આધુનિક એવા હાઈડ્રોફોબિક ઈન્ટ્રા ઓક્યુલર લેન્સ દ્વારા દર્દીઓને વિનામૂલ્યે મોતીયાના ઓપરેશનમાં મૂકવામાં આવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ખાનગી સંસ્થાઓમાં આ પ્રકારના ઓપરેશનનો અંદાજીત ખર્ચ પચાસ થી સિત્તેર હજાર થતો હોય છે. મોતીયા અંધત્વ મુક્ત ગુજરાત કાર્યક્રમ અંતર્ગત રાજ્યના તમામ ગ્રામ્ય સ્તરે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને ઓપરેટીંગ સેન્ટર સાથે જોડીને દર્દીઓને ઘરઆંગણે જ માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું હતુ.

ગુજરાતમાં સાગરમાલા પ્રોજેક્ટ અંતર્ગત પ્રોજેક્ટ પ્રગતિમાં

રૂપિયા ૫૭ હજાર કરોડના કુલ ૭૫ પ્રોજેક્ટ પ્રગતિમાં : મંત્રી કનુભાઈ દેસાઈનું નવી દિલ્હી ખાતે નેશનલ સાગરમાલા એપેક્સ કમિટીની ત્રીજી બેઠકમાં સંબોધન

ગાંધીનગર, તા.૬

રાજ્ય સરકારના ઊર્જા, પેટ્રોકેમિકલ અને નાણા વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું છે કે, સાગરમાલા પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાતમાં રૂપિયા ૫૭ હજાર કરોડના કુલ ૭૫ પ્રોજેક્ટ પ્રગતિમાં છે. જેમાંથી રૂપિયા ૮૯૦૦ કરોડના કુલ ૧૩ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવ્યા છે. ભારત સરકારના સાગરમાલા કાર્યક્રમે ગુજરાતના મેરીટાઈમ સેક્ટરને આગવું બળ પૂરું પાડ્યું છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રી કનુભાઈ દેસાઈએ નવી દિલ્હી ખાતે નેશનલ સાગરમાલા એપેક્સ કમિટીની ત્રીજી બેઠકમાં સંબોધન કરતા વધુમાં જણાવ્યું કે, ગુજરાત કાર્ગો હેન્ડલિંગની બાબતે દેશભરમાં પ્રથમ છે. ગુજરાતના મત્સ્યોદ્યોગને વિકસિત કરવા રાજ્ય સરકારે મોટા ફિશ લેન્ડિંગ સેન્ટર, ફિશ પ્રોસેસિંગ સેન્ટર જેવી વિવિધ પહેલ પણ કરી છે. સાગરમાલા પ્રોગ્રામ હેઠળ નવી પહેલો અને ખાસ કરીને દરિયાકાંઠે વસતા સમુદાયોના સર્વગ્રાહી વિકાસની સમીક્ષા કરવા માટે સાગરમાલા એપેક્સ કમિટીની આ ત્રીજી બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં મંત્રી કનુભાઈએ ગુજરાતના નોન-મેજર પોર્ટ સુધી પહોંચવા પોર્ટ કનેક્ટિવિટીને વધુ અપગ્રેડ કરવામાં વધુ માર્ગદર્શન આપતા રહેવા માટે વિનંતી કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે સાગરમાલા પ્રોગ્રામ હેઠળ ૩,૨૦૦ કરોડના ૪૭ નવા પ્રોજેક્ટની દરખાસ્ત કરી છે, જેમાં રેલ-રોડ કનેક્ટિવિટી, ફિશ પ્રોસેસિંગ સેન્ટર, ફિશ લેન્ડિંગ સેન્ટર, પ્રવાસન અને સી-પ્લેન પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યું કે, અલંગ ખાતે શિપ રિસાયક્લિંગ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા ૩૯૮૫૭ કામદારોને ગુજરાત મેરીટાઈમ બોર્ડે કૌશલ્ય વિકાસ કાર્યક્રમ હેઠળ તાલીમ આપી છે.

ગુજરાત અંબુજા એક્ષપોર્ટસ લીમીટેડે 'અંબુજા ગોલ્ડ'નું અનાવરણ કર્યું

અમદાવાદ, તા. ૬

ગુજરાત અંબુજા એક્ષપોર્ટસ લીમીટેડ ખાદ્ય તેલ, ડીઓઈલ કેક, સોયાબીન, મકાઈ સ્ટાર્ચ એ તેના ડેરીવેટીવ્ઝ, કોટનયાર્ન, પશુઆહાર ઉપરાંત અનેક ઉત્પાદનોમાં સંકળાયેલ બહુરાષ્ટ્રીય કૃષિઆધારીત સમૂહ છે. વર્ષ ૧૯૯૧માં સ્થાપિત

થયેલ જીએઈએલ તેના વ્યવસાકિ ક્ષેત્રમાં અગ્રગણ્ય માર્કેટ લીડર છે અને કંપનીના વિવિધ ઉત્પાદનો રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય બજારોમાં સારી નામ સ્વીકૃતિ અને નામના પામ્યા છે. કંપની તેના બીરબી બજારક્ષેત્રમાં મજબૂત પકડ ધરાવે છે અને હવે રાષ્ટ્રીય બ્રાન્ડ બનવા માટે નવા સાહસ સાથે બીરબી માર્કેટમાં પ્રવેશી રહી છે.

ત્રીજી પેઢીના ઉદ્યોગ સાહસિક એવા શ્રેયાન ગુપ્તાના નેતૃત્વ હેઠળ જીએઈએલ કંપનીએ ઉપભોકતા બજારમાં પ્રવેશવાનો નિર્ણય કર્યો અને એફએમસીજી ક્ષેત્રમાં અગ્રગણ્ય ખેલાડી તરીકે ઉભરી આવવાનું લક્ષ્ય નિર્ધારીત કરેલ. ગુજરાત રાજ્યના સ્થાપના દિવસે એટલે કે તા. ૧-૫-૨૦૨૨ના રોજ કંપનીએ તેની ફ્લેગશીપ બ્રાન્ડ અંબુજા ગોલ્ડ હેઠળ સોયાબીનના વિવિધ ઉત્પાદનો જેમ કે સોયા ચંક, સોયા ચંક મીની, સોયા ગ્રેન્યુઅલ્સ, મકાઈનો લોટ વિગેરે બજારમાં મૂક્યા. સાથે સાથે કંપનીએ તેના વર્તમાન ખાદ્યતેલના ઉત્પાદનોને નવીન ઉત્કૃષ્ટ પેકીંગ અને લેબલીંગમાં મૂક્યા છે.

કંપનીના ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટર મનીષ ગુપ્તાના આશીર્વાદ સાથે તમામ ઉત્પાદનો રજૂ કરવાનું આયોજન શ્રેયાન ગુપ્તા, સંદિપ અગ્રવાલ, વિપિન મિઢા, બાસુ તીબ્રેવાલના નેતૃત્વ હેઠળ અમદાવાદ ખાતે નોવાટેલ હોટેલમાં ગુજરાત તથા અન્ય રાજ્યોના નામાંકિત ડીલરો અને ડીસ્ટ્રીબ્યુટર્સ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.

કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખભાઈ માંડવિયા સહિત દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આરોગ્ય મંત્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી

સરદાર સાહેબની વિશાળ પ્રતિમા ભારતની એકતા અને અખંડિતતાનું પ્રતિક છે : મનસુખભાઈ માંડવિયા

રાજપીપળા, ગુરૂવાર- કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખભાઇ માંડવિયા તેમજ દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આરોગ્ય મંત્રીઓ, સચિવો, તબીબી નિષ્ણાંતોએ નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે આવેલા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ ધન્યતાનો ભાવ વ્યક્ત કર્યો હતો.

સરદાર સાહેબની વિશાળ પ્રતિમા ભારતની એકતા અને અખંડિતતાની પ્રતીકરૂપ છે તેમ જણાવી કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાએ સરદાર સાહેબનું વ્યક્તિત્વ સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમા કરતાં પણ ઊંચું છે તેમ કહ્યું હતું.

કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયાએ ૪૫ માળની ઉંચાઈએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની વ્યુઈંગ ગેલેરી પ્રતિમાના હૃદયસ્થાનેથી અદભૂત નજારો પણ માણ્યો હતો અને વિધ્યાંચલ-સાતપુડા ગીરિમાળાનું પ્રાકૃતિક સૌંદર્ય પણ નિહાળ્યું હતું.

તદઉપરાંત, સરદાર વલ્લભભાઈ પટેલના જીવનચરિત્ર વિશેની ફિલ્મ નિહાળવા ઉપરાંત ફિલ્મ મ્યુઝિયમમાં પ્રદર્શિત કરાયેલ તસવીરી પ્રદર્શન પણ તેમણે નિહાળ્યું હતું.

આ પ્રસંગે સ્ટેચ્યુ ઓફ યુનિટીના ગાઈડ શ્રીમતી શાહીન મેમણ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના જનસંપર્ક અધિકારીશ્રી રાહુલભાઈ પટેલે સ્ટેચ્યુ ઓફ યુનિટીના આ સમગ્ર પ્રોજેક્ટ તેમજ વિશ્વની અન્ય વિરાટ પ્રતિમાઓની સરખામણીમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની વિરાટત્વની ઝીણવટભરી જાણકારી પુરી પાડી હતી.

કેન્દ્રીય મંત્રીશ્રી માંડવિયાએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની નોંધપોથીમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતેના મુલાકાતના અનુભવો અને પ્રતિભાવ નોંધ્યા હતા.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત દરમ્યાન સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ તરફથી નાયબ કલેકટર શ્રી શીવમ બારીઆએ કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયાને સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિકૃતી અને કોફીટેબલ બૂક સ્મૃતિરૂપે અર્પણ કરી હતી. આ વેળાએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર સાહેબના જીવન કવનની ઝાંખી કરાવતો લેઝર શો પણ નિહાળ્યો હતો.

આ મુલાકાત દરમિયાન તેમની સાથે દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આરોગ્ય મંત્રીઓ, સચિવો, તબીબી નિષ્ણાતો પણ જોડાયા હતા.

પ્રૂડન્ટ કોર્પોરેટ એડવાઈઝરી સર્વિસીસ લિમિટેડનો આઈપીઓ ૧૦મીએ ખુલશે

ગાંધીનગર,તા.૦૬

પ્રૂડન્ટ કોર્પોરેટ એડવાઈઝરી સર્વિસીસ લિમિટેડ (''કંપની'')નો આઈપીઓ (''ઓફર'') ૧૦ મે, ૨૦૨૨ના રોજ ખુલશે. એન્કર રોકાણકારો માટે બિડ/ઓફર આઈપીઓ ખુલવાની તારીખના એક દિવસ અગાઉ એટલે કે ૯ મે, ૨૦૨૨ના રોજ ખુલશે. ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૫૯૫ થી રૂ. ૬૩૦ નક્કી થઈ છે. દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ. ૫ છે. ઓફરમાં એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન (નીચે પરિભાષિત કરેલ છે)માં લાયકાત ધરાવતા કર્મચારીઓના બિડિંગ માટે ઓફર પ્રાઈસ પર એમ્પ્લોયી ડિસ્કાઉન્ટ ઈક્વિટી શેરદીઠ રૂ. ૫૯નું ડિસ્કાઉન્ટ સામેલ છે. બિડ લઘુતમ ૨૩ ઈક્વિટી શેર માટે અને પછી ૨૩ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે. ઓફરમાં રૂ. પની ફેસ વેલ્યુ ધરાવતા ૮,૫૪૯,૩૪૦ ઈક્વિટી શેર સામેલ છે, જેમાં વેગ્નેર લિમિટેડ દ્વારા ૮,૨૮૧,૩૪૦ ઈક્વિટી શેર અને શિરિષ પટેલ દ્વારા ૨૬૮,૦૦૦ ઈક્વિટી શેર સામેલ છે (''વિક્રેતા શેરધારકો'' અને આ પ્રકારની ઓફર ''વેચાણ માટેની ઓફર'' કહેવાય છે). આ ઓફરમાં લાયકાત ધરાવતા કર્મચારીઓ (''એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન'') દ્વારા સબસ્ક્રિપ્શન માટે રૂ. ૬૫.૦૦ મિલિયન સુધીના ઈક્વિટી શેરનું રિઝર્વેશન સામેલ છે.

કપાટ ખુલ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્સવની ડોલીને મુખ્ય પુજારી દ્વારા ભોગ લગાવવામાં આવ્યો નિત પૂજાઓ શણગારવામાં આવી હતી. કેદારનાથ રાવલ ભીમાશંકર લિંગ, વેદપાઠીઓ, પૂજારીઓ, હક્ક હકૂકધારીઓની હાજરીઓમાં કપાટ પર વૈદિક પરંપરાઓના અનુસાર મંત્રોચ્ચાર કરવામાં આવ્યા અને ૬: ૨૬ મિનિટ પર કપાટ ખોલવામાં આવ્યા. આ દરમિયાન ડોલીએ મંદિરમાં પ્રવેશ કર્યો. કેદારનાથ ધામના કપાટ ખુલતી વખતે દરમિયાન પુષ્કર સિંહ ધામી હાજર રહ્યા હતા. કોરોના કાળના બે વર્ષ બાદ પહેલીવાર કેદારનાથ ધામના કપાત સામાન્ય જનતા માટે ખોલવામાં આવી રહ્યા છે. તેને લઈને સ્થાનિક લોકોમાં ખૂબ ઉત્સાહ છે. જોકે મોનસૂન સીઝનમાં ખરાબ થયેલા રસ્તાઓને યાત્રા થતાં પહેલાં રીપેર કરવામાં આવ્યા છે. અહીં ઠેર ઠેર કામ ચાલી રહ્યું છે. પેટ્રોલ ડીઝલના ભાવ આસમાને પહોંચી રહ્યા છે ત્યારે પ્રભુના દર્શન પણ મોંઘા બન્યા છે. હરિદ્વારથી ચારધામ માટે ચાલનાર કારો અને મિની બસોના ભાડામાં ૩૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે ઈનોવાનું ભાડું ૪૫૦૦ થી વધારીને ૬૦૦૦ અને બોલેરો અને મેક્સ ૩,૫૦૦ થી વધીને ૫,૦૦૦ ડિઝાયર ૨,૮૦૦ થી ૩,૮૦૦ રૂપિયા પ્રતિ દિવસ નક્કી કરવામાં આવ્યું છે.

કડાકો

● અનુસંધાન પહેલાનું ચાલુ

જણાવ્યું હતું કે, "એફઓએમસી (ફેડરલ ઓપન માર્કેટ કમિટી)ની બેઠક બાદ બુધવારે યુએસ બજારોમાં રાહતની રેલી જોવા મળી હતી, પરંતુ વ્યાજદરમાં વધારાની ચિંતાને કારણે ગુરુવારે તેમાં સ્થિતિ બદલાઈ અને ઘટાડો થયો હતો.."

બેંક ઓફ ઈંગ્લેન્ડે ગુરુવારે તેના મુખ્ય વ્યાજ દરમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે. જિયોજિત ફાઇનાન્શિયલ સર્વિસિસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે વેચાણના દબાણ સાથે વ્યાજદરમાં વધારાને કારણે વૈશ્વિક બજારોમાં ઘટાડો થયો હતો. બેંક ઓફ ઈંગ્લેન્ડે તેના વ્યાજદરમાં વધારો કરતી વખતે મંદીના સંભવિત જોખમ અંગે ચેતવણી આપી હતી.

દરમિયાન, આંતરરાષ્ટ્રીય તેલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૨.૨૦ ટકા વધીને ૧૧૩.૩ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. પ્રોવિઝનલ સ્ટોક માર્કેટ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ગુરુવારે રૂ. ૨,૦૭૪.૭૪ કરોડના શેરનું વેચાણ કર્યું હતું.

ધરપકડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સત્તાનો રાજકીય દુરુપયોગ રાજકીય વિરોધીઓને ડરાવવા ધમકાવવા માટે શરૂ કરી દેવાયુ છે. દિલ્હીનો દરેક નાગરિક સંકટની આ ઘડીમાં તેજેન્દ્ર પાલ સિંહ બગ્ગાના પરિવારની સાથે ઉભા છે.

આમ આદમી પાર્ટી સાથે ધારાસભ્ય નરેશ બાલિયાને ભાજપ વિશે અપશબ્દો કહ્યા છે. તેઓ કહ્યુ કે તેજિંદર બગ્ગાને પંજાબ પોલીસે ધરપકડ કરી. બાલિયાને દાવો કર્યો કે બગ્ગાએ મુખ્યંત્રી અરવિંદ કેજરીવાલને 'જીવવા દઈશુ નહીં' ની ધમકી આપી હતી.

તેજિંદર બગ્ગાની પંજાબ પોલીસે ધરપકડ કરી લીધી છે. એવો દાવો ભાજપ નેતા કપિલ મ